Appendix - 10



પરિશિષ્ટ - ૧૦

બાબાજીનું તત્ત્વજ્ઞાન
અનાદિ અનન્ત અપરિમિત

ઉપક્રમ

"અને પરમાત્માએ સ્વયંરચિત વસ્તુ માત્ર જોઇ અને દર્શન કરો : કે : તે પરમ હિતપ્રદ હતી." ૧. ૩૧

—બાઇબલ, પુરાતન સન્ધિ, ઉત્પત્તિ પ્રકરણ—

આ અનાદિ અનન્ત અપરિમિતનાં સાચાં દિવ્ય દર્શન તો સંત સાધુઓ, જ્ઞાનીઓ અને તારનારા પુરુષોમાંજ સ્પષ્ટ થાય છે. માત્ર તે મહાપુરુષો જ પરમાત્માના પ્રકટીકરણાર્થે આપણને પ્રેરણા આપવાને પાત્ર છે. આર્યોની આધ્યાત્મિક ભૂમિ હિન્દુસ્તાન તો વિવિધ પ્રસંગે અને વિવિધ રૂપે આવા દિવ્ય દર્શનો માટે પ્રસિધ્ધ છે.

અને શ્રીકૃષ્ણે, બુધ્ધે તથા ઇસુએ કહયું છે તેમ આનું કારણ માત્ર એ જ છે કે :

"પરમાત્મા પરિપૂર્ણ પ્રેમરૂપ છે."

પ્રેરિતો, દ્રષ્ટાઓ, અવતારો અને પરમાત્માના બધા પયગંબરો પરિપૂર્ણ, દિવ્ય પ્રેમરૂપની જ આકર્ષક અને પ્રેરણાત્મક નિશાનીઓ વિના બીજું કંઇ નથી. તકલીફ પામતી માનવતાને મદદ કરવાને અર્થે પરમાત્મા હંમેશાં ખુદ પોતાનીજ આવી કૃપા વડે જગતની ભીડ ભાગે છે. માનવતાની ગતિ એકદમ જ ઝડપી એટલે અતિ ત્વરિત કૂચ કરનારી છે. પણ "કયાંથી આવ્યા છીએ"? એના ખુલાસા જાણવાની માનવતાને, ખરેખર જ બહુ ઓછી ચિંતા છે. અને આ ઉપરથી ખુલ્લું દેખાય છે કે હમણાં આપણે તોફાનોના અને ખાડાખાઇઓના કોઇ એવા યુગમાંથી જઇ રહયા છીએ કે જયાં પ્રધાનપણે, આપણી દુનિયામાં દેખાય છે તેમ. એક બાજુએ વૈભવ અને

વિલાસોના અને બીજી બાજુએ નાતિ, પંથ અને રંગના દ્વૈતનું રાજ્ય ચાલી રહ્યું છે ! સ્ત્રીપુરુષોના વિકારોત્તેજક આનંદો એજ જાણે દેવદેવીઓ, ધન એ જ જાણે ધર્મગુરુ ! અને પ્રપંચ – બળજોરી એ જ જાણે ધાર્મિક કર્મવિધિઓ ! અને ઘણે ભાગે, આખું જ જગત માનવ – જીવાત્મા સુધ્ધાં – તેના આટલા બધા જ્ઞાન છતાં ! અને તેની આટલી બધી ચપલ ચાલાકી હોવા છતાં એમાં હોમાય છે !

પરંતુ ધતીંગો અને આડંબરો જેવાં અસત્યોનું ચિરકાલિત્વ નિર્માયેલું જ હોતું નથી. કારણકે છાયાઓ જેમ શાશ્વત હોતી નથી તેમ તે અસત્યો પણ છાયાઓના જેવાં જ હોવાથી કદાપિ શાશ્વત નથી. વસ્તુતાએ તો માનવતા ખુદ દિવ્યતાનું જ રૂપાન્તર છે, અને તેણે તે અનાદિ અનન્ત દિવ્યતામાં રૂપાંતર પામવું જ જોઇએ.

સમષ્ટિના આ રૂપાન્તરમાં કવિઓએ, તત્વજ્ઞોએ અને આચાર્યોએ પણ પોતપોતાના વેષ ભજવ્યા છે. પ્રેરણાના અને આત્મોન્નતિના નવા શબ્દ માટે જગતે હંમેશ તેમના તરફજ જવાનું છે. પ્લેટો, કેન્ટ અને હેગલે એ જે નૈમિત્તિક ધર્મનું આચરણ કર્યું છે. ગેટે, મિલ્ટન અને ડેન્ટેએ એ જ ધર્મનું પાલન કર્યું છે. શંકરાચાર્યે અને વલ્લભાચાર્યે જગતના એજ તિમિરાવરણને ખસેડવા જે પ્રયત્નો કર્યા છે ને જેને માટે મન્સૂરે અને ઇસુએ પોતાની જીન્દગાનીઓ રાજીખુશીથી ખેરાતમાં નવાઝી દીધી હતી.

કબીર, નાનક, નરસિંહ મહેતા અને :બાનુસંત: મીરાંબાઇ, ગૌરાંગ, જ્ઞાનદેવ, રામદાસ અને તુકારામ – એમણે સૌએ પણ પોતાનાં પાવન ભજનો દ્વારા અને આધ્યાત્મિક ગીતો દ્વારા એજ બ્રહ્મવિદ્યાની વીણા બજાવી છે.

શ્રી અખાજીનું નામ સારા ગુજરાતમાં સુપ્રસિધ્ધ છે. માત્ર અખા ભગતના સાદા નામથી જ તેઓ જાણીતા છે અને બ્રહ્મજ્ઞાની

અથવા વેદાન્તી તરીકે તેઓ પ્રતિષ્ઠા પામેલા છે. પરમાત્મા પોતે એક બ્રહ્મવેત્તાના, એક તત્વજ્ઞાનીના, એક સંતના, એક મહાત્માના, એક દ્રાતાના, એક કવિના, એક ભકતના અને અનાદિ અનન્ત અપરિમિત તત્વના એક અદ્વિતીય આચાર્યના રૂપમાં અને શ્રી અખાજી અથવા શ્રી અખા ભગતના નામમાં પોતાની મેળે વ્યકત થયાં.

ધી "ગુજરાત વર્નાકયુલર સોસાયટી" એ હમણાંજ પ્રસિધ્ધ કરેલા શ્રી અખાજીના બ્રહ્મવિદ્યાના સાહિત્યના ગ્રંથોમાં મનનશીલ અભ્યાસીને તેમના તત્વજ્ઞાનનું સ્પષ્ટ દર્શન થાય છે.

અખાજીના તત્વજ્ઞાનનો દેશ એટલે માત્ર બ્રહ્મવિદ્યાનોજ પ્રદેશ છે. આધિભૌતિક ભવ્યતાના અને બુધ્ધિ વિકાસના હાલના યુગના સંશયોનું અને બધા બુધ્ધિવાદોનું એમાં સમાધાન છે.

અખાજીની બધી બ્રહ્મવિદ્યાનું તેમજ એમના આધ્યાત્મિક ભજનોનું, એમના તમામ સાહિત્યનું – એમનું ખુદનું જ આધારભૂત બંધારણ અથવા અવલંબન માત્ર અનાદિ અનન્ત અપરિમિત તત્વ અથવા પોતામાં પોતે છે.– આપમાં આપ છે.

શ્રી અખાજીના તત્વજ્ઞાન વિષે નીચેના સૂત્રમાં એમના પોતાના અનુભવાત્મક સિધ્ધાન્તનું પ્રકટીકરણ થાયછે:

"ગુરુ, થા તારો તું જ, નથી કોઇ બીજું ભજવા,
બાહ્ય સુરતને ટાળ, વાળ અન્તરમાં સજવા."

—અનુભવ બિંદુ—૩૧—

૨

## આપા વિનાનું આપ

અણાજીના તત્વજ્ઞાનનો સ્વાનુભવાત્મક સિધ્ધાન્ત 'આપા વિનાનું આપ' અથવા તો 'સત વસ્તુ અનાદિ અનન્ત' છે. એ અનાદિ અનન્ત સત વસ્તુ એવું તો ધન અને એવું તો અપરિમિત છે કે અમુક "પણું" કે અમુક "વાદ" એવી કશી લક્ષણા એને માટે બાંધી શકાતી નથી. એને આપા વિનાનું આપ અથવા પોતામાં પોતે એવું જ કહેવાય, અથવા તો આર્યોના વેદોએ કહ્યું છે તેમ, નેતિ એવી એની લક્ષણા બંધાય.

અણાજીનું તત્વજ્ઞાન એટલે અમુક "વાદ" કે અમુક પંથનો જ સિધ્ધાન્ત એવું નથી કે અમુક આંટીઘુંટીનીજ કોટિ એવું નથી. પણ એ તો શુદ્દ પરમાત્માને સાક્ષાત અનુભવેલા એવા એક રહસ્યવેત્તાનું અનાદિ અનન્તનું પ્રજ્ઞાન છે. પોતે અખિલ વિશ્વાત્માની અલૌકિક ભૂમિકા ઉપરથી અનાદિ અનન્ત અપરિમિત તત્ત્વનું નિરૂપણ કરેછે. પોતે કોણ છે ? કયાંથી અને શું કરવા આવેલ છે ? એવી પૂછ-પરછનો ખુલાસો કરતા તેઓ પોતે પોતાનો પરિચય આ પ્રમાણે કરાવે છે :-

"નથી હું કોઇ ઇશ્વર કે નથી હું કોઇ જીવ, પરંતુ પિંડ બ્રહ્માંડની પારનો રહેવાસી છું. અખિલ વિશ્વાત્માની અલૌકિક ભૂમિકાનો છું, ત્રણ ગુણ અને ત્રણ સ્થિતિથી પર છું અને અપરિમિત આત્મા સાથે નિરન્તર એક છું." ૨

શ્રી અણાજી જાતે સાક્ષાત બ્રહ્મને અનુભવેલા પૂર્ણ રહસ્યવેત્તા પુરુષ હોવાથી વિવિધ પ્રણાલિકાઓના આચાર્યો કરતાં તેઓ શ્રી અધિકતર શ્રેષ્ઠ છે અને તેઓના તત્વજ્ઞાનનો મૂળ આધાર વેદોની શ્રુતિઓએ ઉપદેશેલા સનાતન સત્ય ઉપર છે.

જુઓ :-

"આ બધું બ્રહ્મ છે. બ્રહ્મ વિના આ કંઇ બીજું છે જ નહી. એવુંજ - આપા વિનાનું આપ". 3

"બ્રહ્મ અને બ્રહ્માંડ કે વિશ્વપતિ અને વિશ્વ એવાં બે દ્વૈત કદાપિ પણ નથી, તથાપિ તત્ત્વત: બે કેવલ એક છે."

"આ વિશ્વાંગ તો પરમાત્મા પોતે બન્યા છે. એ તો પોતામાં પોતે અથવા આપા વિનાનું આપ". ૪

અને પુનરપિ :-

"વિશ્વ અને વસ્તુ એ બે એવી રીતે એક છે કે જેવી રીતે એક મણ અને ચાળીસ શેર બે એકજ છે. ૫ તત્વત: તો ભૌતિક, માનસિક અને આત્મિકમાં કંઇ અન્તર નથી. આ અનાદિ અનન્ત અપરિમિત સ્વરૂપના - સ્વાનુભવમાં એ તો માત્ર ભિન્ન ભિન્ન દર્શનો જ છે. એક પદાર્થવાદી વિશ્વને પદાર્થ રૂપે જુએ છે. એક આદર્શવાદી વિશ્વને વિચાર રૂપે જુએ છે. અને જે જાતે નઠારું માણસ છે તે વિશ્વને નરક જેવું જુએ છે. તથા જાતે જે સારું માણસ હોયછે તે વિશ્વને સ્વર્ગ જેવું જુએ છે, તેવીજરીતે જાતે જેણે પરિપૂર્ણતાનો સ્વાનુભવ કર્યો હોયછે, તે તો અખિલ વિશ્વ પોતાના સ્વરૂપનેજ સમરૂપ યાને પોતામાં પોતે જ જુએ છે. કારણકે અપરિમિત સત વસ્તુના મહાસાગરમાં તે પૂરેપૂરો જ અળપાઇ ગયેલો હોયછે એટલે કે તે અનાદિ અનન્ત સત માં પૂરેપૂરો ડૂબી ગયેલા યા ઓગળી ગયેલો હોયછે. પિંડના વ્યકિતગત મન, બુધ્ધિ અને ચિતમાં ગોલકો ત્યાં ખરેખર જ સંપૂર્ણપણે "શૂન્યમ" સિધ્ધ થયેલાં હોયછે". ૬

"આ વિશ્વનો કોયડો તો અજાનું એટલે અજાત કુમારીનું અથવા કુમારી શ્રી સનાતનતાનું ભેદી પણ સુંદર રાસખેલન છે". ૭

"પોતામાં રહીને જોતા તો આપમાં આપ છે અને નીચે વાટે કરીને જોઇએ તો મનનું અને પદાર્થોનું વિશ્વ છે". ૮

કારણકે ભિન્નતા અથવા ભેદ જે માત્ર બાહ્યમાંજ દશ્ય છે તેને વસ્તુમાં પૂર્ણ "શૂન્ય જ ગણ્યો છે. કેમ કે ભેદમાં અભેદ જ છે અને તેથી જે શૂન્ય"૯ કહેછે તે વસ્તુત ભિન્નતા અથવા ભેદ અભેદ છે. કારણકે આ અંદર, બહાર, ઉપર, નીચે, અને આસપાસ સર્વત્ર અનાદિ અનન્ત અપરિમિત ની જાદુઇ છાયાનું દર્શન છે. અને બીજું તે વિના વસ્તુત: કંઇજ નથી. જ્યારે આપણે ભેદનું દર્શન કરીએ છીએ ત્યારે અભેદ અથવા એકતા ઉપર પડદો અથવા આવરણ પડેછે અને આપણે અભેદ અથવા એકતાનું દર્શન કરીએ છીએ કે તરતજ ભેદનો અભાવ અથવા ભિન્નતાનો લોપ થઇ જાયછે. એક જાયછે ત્યારે બીજું આવે છે આવું અનાદિ અનન્ત નિયમન છે.

"પોતામાં પોતે અથવા આપમાં આપ તો એવું છે કે બધાંજ "પણાં" ઓથી એટલે હું પણાથી, તુંપણાથી, તેપણાથી પર છે. ત્રણ ગુણ અને ત્રણ સ્થિતિની પાર છે. અનાદિ અનન્ત હોવાથી તે સર્વકર્તા છે અને વસ્તુ તેનામાં – 'આપારહિત આપમાં ઓતપ્રોત રહેલી છે." ૧૦

આટલા માટે શ્રી અખાજીનું તત્ત્વજ્ઞાન એ કોઇ અમુક કે અમુક પંથસંપ્રદાય નથી પણ વેદોમાં નેતિ નેતિ કહીને અનાદિ અનન્તનું પ્રકટ કર્યું છે તે 'આપારહિત આપ' અથવા 'પોતામાં' એજ શ્રી અખાજીનું તત્ત્વજ્ઞાન છે.

આ સત્યનો સાક્ષાત્કાર કરવા માટે શ્રી અખાજીના સાહિત્યમાં રહેલા અનાદિ અનન્ત અપરિમિતના અન્ત પ્રવાહને અનુસરવું જોઇએ અને તે માટે અંતદષ્ટિ પ્રાપ્ત કરવી જોઇએ. અને એકીકૃત મનોવૃત્તિ વડે શ્રી અખાજીના સાહિત્યનો સ્નેહપૂર્વક અભ્યાસ કરવો જોઇએ.

---ooo---